શહેરમાં રવિવારે દિવાળી માટે લોકો ઉમટી પડતાં બજારમાં ભારે ભીડ અને ટ્રાફિક જામ



■ દિવાળીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહેતા બજારોમાં ભારે રોનક જોવા મળી રહી છે. ચૌટાબજારમાં કિડિયારું ઉભરાયું છે તો રાજમાર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતાં.

સમ્રાટ વેલવેટ મિલના કિસ્સામાં માત્ર દેખાડાની કાર્યવાહી

પાણીની ચોરી: સિંચાઇ વિભાગે માત્ર પાઇપ હટાવી સંતોષ માન્યો !

પલસાણા-કડોદરામાં બોરવેલ અને ટેન્કર માફિયાનો બેફામ કારોબાર

જિલ્લા સંકલનમાં વારંવાર ચર્ચા છતાં તંત્રની કામગીરી શૂન્ય !

સુરત : કડોદરાની સમ્રાટ વેલવેટ ટેક્સટાઇલ મિલમાં કેનાલમાંથી પાઇપલાઇન નાખીને પાણી મેળવવાનો મામલો સામે આવ્યો છે. વીડિયો વાયરલ થતાં સિંચાઇ વિભાગે પાઇપલાઇન હટાવી દીધી, પરંતુ પાણીની ચોરી કરનાર સામે કોઈ દંડાત્મક કે કાયદેસરની કાર્યવાહી થઈ છે કે કેમ તે અંગે મૌન સેવાયું છે.

પલસાણા-કડોદરામાં પાણીનો કાળો કારોબાર

માત્ર સમ્રાટ વેલવેટ મિલનો મામલો જ નહીં, પરંતુ પલસાણા અને કડોદરા વિસ્તારમાં પાણીના ગેરકાયદે ઉપાડ અને સપ્લાયનો વ્યાપક પ્રશ્ન ઊભો થયો છે. પલસાણા અને કડોદરા વિસ્તારમાં બોરવેલ બનાવી મોટા પ્રમાણમાં ભૂગર્ભજળ ખેંચી ટેન્કરો મારફતે ઔદ્યોગિક એકમો સુધી પહોંચાડવામાં આવતું હોવાના આક્ષેપો છે. કેટલીક જગ્યાએ સિંચાઈની નહેરોમાંથી પણ પાણી મેળવવામાં આવતું હોવાની ફરિયાદો છે.

કડોદરાની સમ્રાટ વેલવેટ મિલમાં કેનાલમાંથી પાઇપલાઇન નાખીને પાણી મેળવવામાં આવતું હોવાનો વીડિયો વાયરલ થયા બાદ સિંચાઈ વિભાગના અધિકારીઓ સ્થળ પર દોડી ગયા હતા. તપાસ દરમિયાન પાઇપલાઇન હટાવવામાં આવી હતી.

જોકે, પાણીની ચોરી કેટલા સમયથી ચાલતી હતી, કેટલા પ્રમાણમાં પાણીનો ઉપયોગ થયો અને મિલ સંચાલકો સામે દંડ કે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે કે નહીં તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી. માત્ર પાઇપ હટાવી દેવી એ જ શું વિભાગની સંપૂર્ણ કાર્યવાહી છે? આ મામલે ફિલ્ડ ઓફિસર પ્રેરણા રાજપૂતનો અનેક વખત સંપર્ક કરીને ખુલાસો મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે ફોન ઉપાડવાની પણ તસ્દી લીધી નહોતી. સરકારી વિભાગના જવાબદાર અધિકારી જ જો આવા ગંભીર મુદ્દે ખુલાસો આપવાનું ટાળે તો સામાન્ય નાગરિકે ન્યાયની અપેક્ષા કોની પાસેથી રાખવી?

ઇચ્છાપોરમાં દસ ફૂટ ઊંચી દીવાલ તૂટી પડતાં શ્રમિકનું મોત

સુરત: ઇચ્છાપોરના હીરાબુર્સ વિસ્તારમાં આવેલી એક ખાનગી કંપનીમાં દીવાલ તોડવાનું કામ કરતી વખતે 10 ફૂટ ઊંચી દીવાલ શ્રમિક પર ધરાશાયી થતાં શ્રમિકનું મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશના ઉજ્જૈનના વતની અને હાલ ભટાર ચાર રસ્તા પાસે ફૂટપાથ પર રહેતા 35 વર્ષીય સુરેશભાઈ દેવાજીભાઈ ચંદ્રવંશી કાલે સવારે તેઓ ઇચ્છાપોરના હીરાબુર્સમાં આવેલી ફાઇન સ્ટાર નામની કંપનીમાં બ્રેકર મશીન વડે આશરે 10 ફૂટ ઊંચી દીવાલ તોડવાનું કામ કરી રહ્યા હતા. દરમિયાન અચાનક દીવાલ તેમના પર ધરાશાયી થતાં તેમને ઇજા પહોંચતા ખાનગી હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે સ્મીમેરમાં ખસેડાયા હતાં જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થયું હતું.

અડાજણમાં 36 વર્ષીય શ્રમિકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યુ

સુરત: અડાજણમાં 36 વર્ષીય શ્રમિકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.મળેલી માહિતી મુજબ, અડાજણ વિસ્તારમાં આવેલા રાઠોડ મોહલ્લામાં રહેતા 36 વર્ષીય જીતુભાઈ નારાયણ રાઠોડે આજે મધરાત્રે તેમણે ઘરમાં લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. રાત્રિના સમયે તેમના સસરા ટોયલેટ જવા માટે ઊઠ્યા હતા, ત્યારે જીતુભાઈને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ પરિવારજનોને જાણ કરી હતી. તેમને દારૂ પીવાની કુટેવ હોવાથી પત્ની કંટાળી પિયર ચાલી ગઇ હતી અને તેઓ આર્થિક સંકળામણમાં પણ હતાં.

જમવાનું મોડું બનાવવા બાબતે પતિએ ઠપકો આપતા પત્નીનો આપઘાત

સુરત: ગોડાદરા વિસ્તારમાં દિવાળીની સાફ-સફાઇના કારણે જમવાનું બનાવવામાં મોડું થતાં પતિએ ટકોર કરી હતી. આ વાતનું માઠું લાગી આવતાં 38 વર્ષીય મહિલાએ આવેશમાં આવી ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના વતની અને હાલ ગોડાદરા વિસ્તારમાં આવેલી ધ્રુવ પાર્ક સોસાયટીમાં રહેતા સંજયભાઈ લસુરકારની પત્ની સવિતાબેન (ઉ.વ. 38) દિવાળીના તહેવારને લઈને ઘરમાં સાફ-સફાઈ કરી રહ્યાં હતાં. દરમિયાન સંજયભાઈ ઘરે આવ્યા ત્યારે જમવાનું બનાવવામાં મોડું થવા બાબતે તેમણે પત્નીને ટકોર કરી હતી. જેથી તેમણે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો

ચેક રિટર્ન કેસમાં ડ્રાઇવરને ૧ વર્ષની કેદ

સુરત : રૂપિયા ૪ લાખનાં ચેક રિટર્ન કેસમાં આરોપી ડ્રાઇવરને કોર્ટે એક વર્ષની સાદી સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ફરિયાદીને ચુકવી આપવા હુકમ કર્યો હતો. નાના વરાછા વિસ્તારમાં એક જ સોસાયટીમાં રહેતાં ફરિયાદી ઉમેશ વિરડીયા પાસેથી આરોપી લાલજી ઢોલરીયાએ હાથ ઉછીના રૂપિયા લીધા હતા. આરોપીએ રૂપિયા પરત આપવા ફરિયાદીને આપેલો ચેક રિટર્ન થતાં કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. ફરિયાદ પક્ષે વકીલ એચ કે જોબનપુત્રએ દલીલ કરી હતી. જે કેસમાં કોર્ટે આરોપીને સજા કરી હતી.તેમજ આરોપી વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

સરસાણા હોલમાં ખુરશી પર જ શિક્ષક ઢળી પડ્યા

મહેસાણાના શિક્ષક હર્બલ લાઇફની ટ્રેનિંગમાં ભાગ લેવા સુરત આવ્યા હતા

પાંચ મિનિટ સુધી CPR અને ઇલેક્ટ્રિક શોક આપવા છતાં જીવ બચાવી શકાયો નહીં

સુરતઃ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના દરણ ગામના 47 વર્ષીય સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકનું સુરતના સરસાણા એક્ઝિબિશન હોલમાં અચાનક બેભાન થઈ ઢળી પડ્યા બાદ મોત નીપજ્યું હતું. શિક્ષક હર્બલ લાઈફ નામની ખાનગી કંપનીની ટ્રેનિંગમાં ભાગ લેવા સુરત આવ્યા હતા.

ખુરશી પર બેઠા હતા તે દરમિયાન અચાનક બેભાન થઈ જતાં સાથીઓમાં દોડધામ મચી ગઈ હતી. તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ પાંચ મિનિટ સુધી CPR અને ઈલેક્ટ્રિક શોક આપીને બચાવવાના પ્રયાસો કર્યા હતા. જોકે, તેમને બચાવી શકાયા નહોતા. હાર્ટ એટેકના કારણે મોત થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસાણા જિલ્લાના કડી તાલુકાના દરણ ગામમાં આવેલી સ્વર્ણ સિટીમાં રહેતા 47 વર્ષીય ગૌતમકુમાર સોમાભાઈ પટેલ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. તેઓ હર્બલ લાઈફની ટ્રેનિંગમાં ભાગ લેવા આજે સવારે બસ મારફતે સુરત આવ્યા હતા.

સરસાણા એક્ઝિબિશન હોલ ખાતે પહોંચ્યા બાદ હોલમાં પ્રવેશીને ખુરશી પર બેઠા હતા. દરમિયાન અચાનક બેભાન થઈને ઢળી પડતાં ત્યાં હાજર સાથી મિત્રોમાં અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતાં તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે તેમને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.


સુરતમાં વેરામાફીમાં પાલિકાના છબરડાથી પૂરગ્રસ્તોમાં ભારે રોષ

કતારગામમાં રોડની એક બાજુ વેરા માફી, બીજી બાજુ ચથાવતૂ

જીવનજ્યોત ખાડીના કીનારે આવેલી અમન નગરમાં મોટા ભાગની મિલકતોને સર્વેમાં સામેલ જ ના કરાઇ

સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ભારે વરસાદને કારણે પડેલા ખાડીપૂર અને પાણી ભરાવવાની ગંભીર સમસ્યાને પગલે સરકાર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં વેરા માફીની જાહેરાત કરવામાં આવી છે અને ગ્રાન્ટ પણ મંજુર કરી દેવાઇ છે.

જો કે અમુક ઝોનના તંત્ર દ્વારા સર્વેમાં છબરડા કરતા અનેક મિલકતદારોને વેરામાફી યોજનાની રાહત નહી મળવાની સ્થિતિ ઉભી



થઇ છે. કતારગામ, ઉધના અને લિંબાયત ઝોનમાં આવી વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે.

આ સમગ્ર વિસંગતતાનું મુખ્ય ઉદાહરણ કતારગામ અંબિકા રોડ આરોગ્ય કેન્દ્રની બાજુમાં આવેલા વિસ્તારોમાં જોવા મળ્યું છે. અહીં વરસાદના પાણી બે-બે વખત ભરાયા હતા. તેથી ઝોનના આકારણી વિભાગ દ્વારા સર્વે પણ કરાયો પરંતુ હવે બીલ આવ્યા તેમાં રોડની એક સાઇડની દુકાનોને વેરામાં માફી મળી છે, તો માત્ર ત્રીસ ફુટના અંતરે સામેની દુકાનોને પુરેપુરા વેરાબીલ આવ્યા છે. સ્થાનિકો આક્ષેપ કરી રહ્યા છે કે પાણી બંને બાજુ સરખું જ ભરાયું હતું અને ત્રાસ પણ સમાન જ વેઠવો પડ્યો હતો,

છતાં પાલિકાના તંત્ર દ્વારા આ પ્રકારનો ભેદભાવ કરવામાં આવ્યો છે. આવુ જ ઉધના ઝોનમાં પણ થયું છે. જીવન જ્યોત ખાડીની બાજુમાં આવેલી અમન સોસાયટીના રહેણાંકોમાં ગોઠણથી માંડીને કમર સુધીના પાણી ભરાયા હતા. ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા લોકોને તો ઘરવખરી અને અન્ય નુકશાન થયું છે. જ્યારે દુકાનોમાં પણ પાણી ભરાયા હતા આમ છતાં વેરા માફી આપવામાં આવી નથી. આવુ જ લિંબાયત ઝોન અને સરથાણા ઝોનમાં પણ ફરિયાદ હોવાની ચર્ચા છે.

દિવાળીના તહેવારો ધ્યાને રાખી ફૂડ વિભાગના દરોડા

કતારગામ અને કામરેજમાંથી ઘી, દૂધ અને બરફીના નમૂના લેવાયા

સુરત : તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને ફૂડ વિભાગ દ્વારા કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગરથી ટેલિફોનિક માધ્યમથી મળેલી ફરિયાદના આધારે તા. 31/10/2026 ના રોજ ફૂડ વિભાગની ટીમે કતારગામ વિસ્તારમાં આવેલા મેસર્સ ભરત ટ્રેડર્સ ખાતે સ્થળ તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન સંસ્થામાંથી વિદુર કાઉ ઘી નો શંકાસ્પદ નમૂનો લેવામાં આવ્યો હતો અને ટેસ્ટીંગ માટે સુરત મહાનગરપાલિકાની પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યો છે. આ કામગીરીમાં ફૂડ વિભાગ દ્વારા સંસ્થામાંથી રૂપિયા 44,230 ની કિંમતનો 62 લિટર શંકાસ્પદ ઘી નો જથ્થો જપ્ત કરીને સીઝ કરવામાં આવ્યો છે. લેબોરેટરીનો પૃથ્થકરણ અહેવાલ પ્રાપ્ત થયા બાદ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006 અને તેના નિયમો અનુસાર કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત અન્ય એક રેડમાં એસ.ઓ.જી. સ્ટાફ અને કામરેજ પોલીસ સ્ટેશન તરફથી મળેલી બાતમીના આધારે પોલીસે અને ફૂડ વિભાગે સંયુક્ત ઓપરેશન પાર પાડ્યું હતું. કામરેજના કોસમડા વિસ્તારમાં આવેલી કે.ડી.આર. ઈન્ડસ્ટ્રીઝ (બ્લોક નં. 233, ખેતરાલી એરિયા, રોડ નં. 8-6) ખાતે સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન સંસ્થાને આરોગ્યલક્ષી નોટિસ ફટકારવામાં આવી હતી તેમજ ત્યાંથી ખાંડવાળું દૂધ અને કે.ડી.આર. ગ્રુપ ઈન્ડસ્ટ્રીઝ મહાદેવ સ્પેશિયલ બરફીના નમૂનાઓ એકત્ર કરવામાં આવ્યા હતા. આ તમામ નમૂનાઓને પણ પૃથ્થકરણ અર્થે પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે, અને રિપોર્ટ આવ્યા બાદ નિયમનુસારની કડક કાર્યવાહી કરવામાં આવશે.

શિક્ષકોની પરીક્ષામાં બાળકોની સુરક્ષા, શિક્ષણની નીતિ ઉપર પ્રશ્નો પૂછાયા

નવેમ્બરના અંતમાં પરિણામની શક્યતા

૨૭ પરીક્ષા કેન્દ્રો પર ૭૪.૩૩ ટકા હાજરી

સુરત : જિલ્લાના કુલ ૨૭ પરીક્ષા કેન્દ્રો પર યોજાયેલી આ પરીક્ષામાં નોંધાયેલા કુલ ૫,૨૪૦ ઉમેદવારોમાંથી ૩,૮૯૫ ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે ૧,૩૪૫ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. આમ, સમગ્ર જિલ્લામાં કુલ ૭૪.૩૩ ટકા હાજરી નોંધાઈ હતી.

સુરતઃ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક બનવા ઇચ્છતા શિક્ષકો માટે રવિવારે યોજાયેલી H-TAT (હેડ ટીચર એપ્ટિટ્યુડ ટેસ્ટ)માં માત્ર શૈક્ષણિક જ્ઞાન નહીં, પરંતુ શાળાના વહીવટ, બાળકોની સુરક્ષા અને વ્યવહારુ સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતાની પણ કસોટી કરવામાં આવી હતી. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત સહિતનાં શહેરોમાં 193 પરીક્ષા કેન્દ્રો પર યોજાયેલી પરીક્ષામાં નોંધાયેલા આશરે 37 હજાર ઉમેદવારોમાંથી 27 હજારથી વધુ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યભરમાં 74.61 ટકા હાજરી નોંધાઈ હતી.

પ્રશ્નપત્રમાં પોક્સો સંબંધિત ઘટનામાં બાળકને વારંવાર વિગતવાર પૂછપરછ કરવાનું કેમ ટાળવું જોઈએ, આક્રમક વર્તન કરતા વિદ્યાર્થીને કેવી રીતે સંભાળવો અને સતત ગેરહાજર રહેતા બાળકના ઘરે જવા માટે કોને જાણ કરવી જેવા વ્યવહારુ પ્રશ્નો પૂછાયા હતા. શાળાનાં મકાનોનું મોનિટરિંગ, ફાયર સેફ્ટીનાં પગલાં અને રાષ્ટ્રીય સેફ્ટી પોલીસીની માર્ગદર્શિકામાં આવરી લેવાતી સલામતી પણ પ્રશ્નપત્રનો હિસ્સો રહી હતી. શિક્ષણનીતિના ભાગરૂપે NEP-2020 હેઠળ અભ્યાસક્રમનું ભારણ ઘટાડવાનો હેતુ, પૂર્વ પ્રાથમિક શિક્ષણનું મહત્ત્વ અને ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓને સુથારીકામ, ઇલેક્ટ્રિક કામ, ધાતુકામ તથા માળીકામનો અનુભવ આપતા કાર્યક્રમ અંગે પ્રશ્નો પૂછાયા હતા. RTE એક્ટ-2009 હેઠળ ધોરણ 6થી 8માં ફરજિયાત શિક્ષણ દિવસો અને ટ્રાન્સફર સર્ટિફિકેટ આપવાની સત્તા અંગે પણ ઉમેદવારોની સમજ ચકાસાઈ હતી. આ ઉપરાંત ડ્રોપઆઉટ ઘટાડવાના સરકારી અભિયાન, જ્ઞાન સહાયક યોજનાના અમલ, નમો શિક્ષણ યોજના હેઠળની સહાય, મધ્યાહન ભોજનમાં અનાજના જથ્થા અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની પાત્રતા અંગે પ્રશ્નો સામેલ હતા.

વેસુમાં કમળાની બીમારીથી સિક્યુરિટી ગાર્ડનું મોત

સુરતઃ વેસુ વિસ્તારમાં તાવ અને કમળાની બીમારીથી પીડાતા સિક્યુરિટી ગાર્ડનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ વેસુમાં શ્યામ મંદિર પાસે આવેલા વિરેનભાઈ મુંજાણીના પ્લોટમાં રહેતા 55 વર્ષીય રાજુભાઈ રામકિશોર મિશ્રા સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતા હતા. નોકરી કરીને તેઓ વતનમાં રહેતા પરિવારનું ભરણપોષણ કરતા હતા. દરમિયાન છેલ્લા ચાર દિવસથી તેમને તાવ આવતો હતો તેમજ કમળાની પણ અસર હતી. કાલે સાંજે તેમની તબિયત વધુ લથડતાં પ્રથમ ખાનગી હોસ્પિટલમાં અને ત્યારબાદ વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સિવિલ હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા.

ડબલ ગોલ્ડ સાથે સુરતના માનવ ઠક્કરે ચેન્નાઈમાં રચ્યો ઇતિહાસ

ઇંગ્લેન્ડના સેમ્યુઅલ વોકરને 3-2થી હરાવી માનવે પ્રથમ આંતરરાષ્ટ્રીય સિંગલ્સ ટાઇટલ મેળવ્યું



સુરત : ભારતીય ટેબલ ટેનિસ ખેલાડી માનવ ઠક્કરે ચેન્નાઈ ખાતે યોજાયેલી WTT ફીડર ચેન્નાઈ ટૂર્નામેન્ટમાં બે સુવર્ણ ચંદ્રક જીતીને દેશનું ગૌરવ વધાર્યું છે. 28 ઓક્ટોબરથી 1 નવેમ્બર દરમિયાન યોજાયેલી આ સ્પર્ધામાં માનવે મેન્સ સિંગલ્સ અને મિક્સ ડબલ્સ એમ બંને વિભાગમાં ચેમ્પિયન બની ડબલ ગોલ્ડ મેડલની સિદ્ધિ હાંસલ કરી છે.

મેન્સ સિંગલ્સની ફાઇનલમાં ટોચના ક્રમાંકિત માનવ ઠક્કરે ઇંગ્લેન્ડના સેમ્યુઅલ વોકરને 6-11, 8-11, 11-9, 11-3 અને 11-8થી હરાવ્યો હતો. શરૂઆતની બે ગેમ ગુમાવ્યા બાદ માનવે શાનદાર વાપસી કરીને સતત ત્રણ ગેમ જીતી હતી. આ સાથે તેણે પોતાની કારકિર્દીનું પ્રથમ આંતરરાષ્ટ્રીય મેન્સ સિંગલ્સ ટાઇટલ મેળવ્યું હતું.

ફાઇનલમાં વોકરે શરૂઆતથી જ આક્રમક રમત દર્શાવી હતી. જોકે, ત્રીજી ગેમમાં સ્કોર 9-9 થયો ત્યારે માનવે પોતાની સર્વિસની પદ્ધતિ બદલીને ટૂંકી બેકહેન્ડ સર્વિસનો ઉપયોગ કર્યો હતો. આ વ્યૂહરચનાથી વોકરના આક્રમક શોટ્સ પર નિયંત્રણ મેળવવામાં તેને સફળતા મળી હતી. ત્યારબાદ લાંબી રેલીઓમાં પણ માનવે પ્રભુત્વ જમાવ્યું હતું.

માનવે સેમિફાઇનલમાં ભારતના જી. સત્યાનને પણ 5-11, 8-11, 11-8, 11-5 અને 11-2થી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

આમ, ચેન્નાઈની સ્પર્ધા માનવ ઠક્કર માટે યાદગાર બની રહી છે. બે અલગ-અલગ વિભાગમાં ગોલ્ડ મેડલ જીતીને તેણે ભારતીય ટેબલ ટેનિસમાં પોતાની ક્ષમતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી પ્રતિષ્ઠા ફરી એકવાર સાબિત કરી છે.

ડમ્પિંગ સ્થળે વારંવાર આગથી કાંઠા વિસ્તારને નુકસાન

15 દિવસમાં કાર્યવાહી નહીં થાય તો પરિવર્તન ટ્રસ્ટ NGTમાં જશે

જવાબદાર અધિકારી અને ઇજારદાર સામે કાર્યવાહીની માંગ

સુરત : ખજોદ ખાતે આવેલા ઘન કચરા નિકાલ સ્થળે વારંવાર આગ લાગવાની ઘટનાઓ અને તેના કારણે સર્જાતા પર્યાવરણીય પ્રદૂષણ સામે કાંઠા વિકાસ યુવા કોળી સમાજ પરિવર્તન ટ્રસ્ટે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. ટ્રસ્ટ દ્વારા કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય, ગુજરાત સરકારના મુખ્ય સચિવ, વન અને પર્યાવરણ વિભાગ, CPCB અને GPCB ઉપરાંત સુરત જિલ્લા કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરને લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, માર્ચ 2026માં GPCB દ્વારા 24, 27 અને 28 માર્ચે સ્થળ તપાસ કરવામાં આવી હતી. તપાસમાં અંદાજે 10 હજારથી 20 હજાર ચોરસ મીટર વિસ્તારમાં પ્લાસ્ટિક અને મિશ્ર કચરામાં આગ, બે થી પાંચ મીટર ઊંચા કચરાના ઢગલા, લીચેટ એકત્ર કરવાની વ્યવસ્થાનો અભાવ તેમજ કચરાના રેકોર્ડની જાળવણીમાં ખામીઓ સામે આવી હતી. ધુમાડાને કારણે દીપલી ગામ સહિત આસપાસના વિસ્તારોમાં પ્રદૂષણની સમસ્યા સર્જાતી હોવાનો પણ આક્ષેપ છે. GPCBએ નિયમોના ભંગ બદલ SMCને કારણદર્શક નોટિસ પણ આપી હતી. જોકે, સાત મહિનામાં ફરી મોટી આગ લાગતાં સુધારાત્મક પગલાં સામે પ્રશ્નો ઊભા થયા છે. ટ્રસ્ટે સતત હવાની ગુણવત્તાની તપાસ, સંયુક્ત નિરીક્ષણ, જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી, કોન્ટ્રાક્ટર પાસેથી દંડ વસૂલવા અને વૈજ્ઞાનિક પદ્ધતિથી કચરા વ્યવસ્થાપનની માંગ કરી છે. ટ્રસ્ટના પ્રમુખ પ્રકાશ વી. કોન્ટ્રાક્ટરે ચેતવણી આપી છે કે 15 દિવસમાં સંતોષકારક કાર્યવાહી નહીં થાય તો NGT સમક્ષ કાયદેસરની લડત શરૂ કરાશે.

જેલની સુરક્ષા વ્યવસ્થા સામે ફરી સવાલો ઊભા થયા

લાજપોર જેલમાંથી વધુ એક કાચા કામના કેદી પાસેથી ફોન ઝડપાયો

સી-૦૯ યાર્ડમાં કેદીના ચડ્ડાના ખીસ્સામાંથી સિમકાર્ડ વગરનો મોબાઈલ મળ્યો

સુરતઃ લાજપોર મધ્યસ્થ જેલમાં પ્રતિબંધિત મોબાઈલ ફોન મળી આવવાનો સિલસિલો અટકવાનું નામ લેતો નથી. જેલમાં કડક સુરક્ષા વ્યવસ્થા અને સતત ચેકિંગના દાવા વચ્ચે વધુ એક કાચા કામના કેદી પાસેથી મોબાઈલ ફોન મળી આવતાં જેલ તંત્રની સુરક્ષા વ્યવસ્થા સામે ફરી ગંભીર સવાલો ઊભા થયા છે. યાર્ડ સી-૦૯ની બેરેક નંબર-૦૧ની લોબી પાસે શંકાસ્પદ હિલચાલના આધારે હાથ ધરાયેલી તપાસમાં કેદીના ચડ્ડાના ખીસ્સામાંથી ચેચોડા કંપનીનો ગ્રે રંગનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, લાજપોર જેલમાં ફરજ બજાવતા જેલર શિવકુમાર બામણભાઈ તડવીની ફરિયાદ અનુસાર, તા. ૩૧ ઓક્ટોબરના રોજ સુબેદાર વિહાભાઈ ભીખાભાઈ ભાદરકાને એ-૦૮, એ-૦૯, બી-૦૭, બી-૦૮, સી-૦૯ અને સી-૧૦ યાર્ડના સર્કલ વિસ્તારમાં દેખરેખની જવાબદારી સોંપવામાં આવી હતી. દરમિયાન સવારે આશરે ૮:૫૦ વાગ્યે તેઓ સી-૦૯ યાર્ડની બેરેક નંબર-૦૧ની લોબી પાસે રાઉન્ડ પર હતા ત્યારે એક કાચા કામના કેદીની હિલચાલ શંકાસ્પદ જણાતાં તેની અંગજડતી લેવામાં આવી હતી.

અંગજડતી દરમિયાન કેદી દિનેશ ઉર્ફે છોટુ રામખિલાડી યાદવે પહેરેલા પેન્ટની નીચેના ચડ્ડાના ડાબી બાજુના ખીસ્સામાંથી સિમકાર્ડ વગરનો ગ્રે રંગનો ચેચોડા કંપનીનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો. પોલીસે અંદાજે રૂપિયા ૧૦૦ની કિંમતનો મોબાઈલ કબજે કર્યો છે. જેલની અંદર મોબાઈલ ફોન રાખવા પર કાયદેસર પ્રતિબંધ હોવા છતાં કેદી સુધી ફોન કેવી રીતે પહોંચ્યો અને જેલની સુરક્ષા તપાસમાંથી તે અત્યાર સુધી કેવી રીતે બચતો રહ્યો તેવા સવાલો ઊભા થયા છે. ખાસ કરીને જેલમાં અગાઉ પણ પ્રતિબંધિત મોબાઈલ ફોન મળી આવવાની ઘટનાઓ સામે આવી ચૂકી હોવા છતાં આવી પ્રવૃત્તિઓ પર અંકુશ ન આવતાં સુરક્ષા વ્યવસ્થાની અસરકારકતા સામે પ્રશ્નાર્થ સર્જાયો છે.

આ મામલે જેલર શિવકુમાર તડવીની ફરિયાદના આધારે સચિન પોલીસે દિનેશ ઉર્ફે છોટુ રામખિલાડી યાદવ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. કબજે કરાયેલા મોબાઈલને એફએસએલમાં મોકલી ફોરેન્સિક તપાસ હાથ ધરવામાં આવશે.

એમપીના બ્રેઈનડેડ યુવકના અંગોથી ચાર દર્દીઓને નવજીવન

હૃદય, લિવર તેમજ બંને કીડનીનું દાન કરવામાં આવ્યું, હૃદય વંદે ભારત ટ્રેન મારફતે અમદાવાદ મોકલાયું



સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં 103મું સફળ અંગદાન થયું છે. જેમાં મધ્યપ્રદેશના બ્રેઈનડેડ યુવકના અંગોથી ચાર દર્દીઓને નવજીવન મળ્યું હતું. સુરતથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન મારફતે બીજી વખત હૃદય અમદાવાદ મોકલવામાં આવ્યું છે. મૂળ મધ્યપ્રદેશના બડવાની જિલ્લાના પાનસેમલ વિસ્તારના ધાવડી રાખીબુર્જુગ ગામના વતની 31 વર્ષીય અંકેશ શંભુભાઈ વળવીને 28 ઓક્ટોબરે બાઇક સ્લિપ થતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ પરિવારને જાણ કરતાં તેમને નંદુરબાર સહિતની અલગ અલગ હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. 30 ઓક્ટોબરની રાત્રે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. દરમિયાન શનિવારે રાત્રે ન્યુરોલોજિસ્ટ ડૉ. જય પટેલ, ન્યુરોસર્જન ડૉ. કેયુર પ્રજાપતિ, આરએમઓ ડૉ. લક્ષ્મણ તહેલાની અને ડૉ. નિલેશ કાછડિયાએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. ત્યારબાદ તબીબી અધિક્ષક ડૉ. પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ ડૉ. નિલેશ કાછડિયા, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના ઈકબાલ કડીવાલા, કાઉન્સેલર નિર્મલાબેન કાથુડ સહિતના કાર્યકરોએ પરિવારને અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. પરિવારના સભ્યોએ અંગદાન માટે સંમતિ આપી હતી. અંગદાનની પ્રક્રિયા દરમિયાન અંકેશનું હૃદય સુરતથી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન મારફતે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં ટ્રાન્સપ્લાન્ટ માટે મોકલવામાં આવ્યું હતું. જ્યારે લીવર અને બંને કિડની અમદાવાદની IKDRC હોસ્પિટલમાં મોકલવામાં આવ્યાં હતાં.